ગુજરાતનો મહાસંગ્રામ 2012

મોદી પાસે પોલિટિકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી

મોદી યુનિવર્સિટીનાં વર્ષોમાં એક ફૂલટાઈમ પ્રચારક હતા

મોદીને શરૂઆતથી રાજકારણમાં રસ હતો : ગુજરાતમાં ઊંચા વિકાસદરની ક્રેડિટ મુખ્યમંત્રી મોદીને જ મળે છે



અમદાવાદ,તા. ૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં જીત મેળવીને ફરી એકવાર શાનદાર હેટ્રીક નોંધાવી છે. મોદીએ તેમના વિરોધીઓમાં જોરદાર વિરોધ હોવા છતાં વન મેન આર્મી તરીકે ભાજપને જીત અપાવવામાં સફળતા મેળવી છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૦૫૦ના દિવસે થયો હતો. નરેન્દ્ર દામોદર દાસ મોદીનો જન્મ વડનગરમાં એક મધ્યમ વર્ગના પરિવાર અન્ય પછાત જાતિ (ઓબીસી)માં થયો હતો. તેઓ દામોદર દાસ મૂળચંદ મોદી અને તેમના પત્ની હીરાબેનના ઘરમાં જન્મેલા છ બાળકો પૈકી ત્રીજા નંબરના બાળક હતા. તેઓ બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય પણ હતા. શરૂઆતથી જ તેઓને રાજકારણમાં રસ હતો. મોદી પોલિટીકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. ૧૯૯૮માં ભાજપના નેતા તરીકે અડવાણી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓને ગુજરાત અને હિમાચલમાં પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૦૧માં તેઓ ગુજરાતના પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા હતા. પેટા ચૂંટણીમાં ભાજપની હાર બાદ કેશુભાઈ પટેલે રાજીનામું આપી દેતા તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે મુખ્યમંત્રી તરીકે તેમની અવધી શરૂ થઈ હતી. ગુજરાતના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ પણ તેઓ સર્જી ચૂક્યા છે. ૨૭મી ડિસેમ્બર ૨૦૦૭ના દિવસે તેઓ બીજી વખત ચૂંટાઈ આવ્યા હતા.

હવે ત્રીજી વખત તેઓ ચૂંટાઈ આવ્યા છે. મોદી ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદાસ્પદ હસ્તી તરીકે પણ રહ્યા છે. રમખાણોને લઈને હમેશા તેમની ટીકા ટિપ્પણી થતી રહી છે. સાથે સાથે તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઉંચો આર્થિક વિકાસ થયો છે. મોદી નાના હતા ત્યારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પણ હતા. ભ્રષ્ટાચાર વિરોધી નવ નિર્માણ ચળવળમાં તેઓ જોડાયા હતા. મોદી યુનિવર્સિટીના વર્ષો દરમિયાન સંઘના ફૂલ ટાઈમ પ્રચારક હતા. ૧૯૯૫માં મોદી પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિમાયા હતા અને ભારતમાં પાંચ મોટા રાજ્યોનો ચાર્જ આપવામાં આવ્યો હતો.

નરેન્દ્ર મોદી પ્રોફાઈલ...

નામ	:	નરેન્દ્ર દામોદરદાસ મોદી
જન્મ તારીખ	:	૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦
હાલની વય	:	૬૨
જન્મ સ્થળ	:	વડનગર, ગુજરાત
પોલિટિકલ પાર્ટી	:	ભાજપ
નિવાસ સ્થાન	:	ગાંધીનગર, ગુજરાત
શિક્ષણ	:	ગુજરાત યુનિવર્સિટી
ડિગ્રી	:	પોલિટિકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી
ધર્મ	:	હિંદુ
પ્રથમ વખત મુખ્યમંત્રી	:	૭મી ઓક્ટોબર ૨૦૦૧
મોદીના પૂર્વગામી	:	કેશુભાઈ પટેલ
મત વિસ્તાર	:	મણિનગર

મોદી 'ગુજરાત કા શેર'ના બદલે 'દેશ કા શેર' તરીકે લોકપ્રિય

સ્મૃતિ ઈરાની નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ગણે છે: સમર્થકોમાં ખુશીનું મોજું ફેલાયું

અમદાવાદ,તા. ૨૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ત્રીજી વખત સત્તામાં આવીને હેટ્રીક કરી ચુક્યા છે ત્યારે મુખ્યમંત્રી મોદીના સમર્થકોએ તેમના ફેવરીટ નેતા માટે સ્લોગન પણ બદલી ચૂક્યા છે. મોદીને પહેલા સમર્થકો ગુજરાત કા શેર કહેતા હતા પરંતુ હવે તેમના નેતાને દેશ કા શેર તરીકે સંબોધન કરી રહ્યા છે.

જે રીતે તેમના સમર્થકો મોદીની તરફેણમાં આગળ આવી રહ્યા છે તે જોતા દેશના રાજકારણમાં પણ તેઓ હવે મોટી ભૂમિકા અદા કરવા આગળ વધી શકે છે. નવી દિલ્હીમાં તેમની ભૂમિકા હવે વધશે કે કેમ તેને લઈને પણ ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. અલબત્ત ભાજપના ટોચના નેતાઓ આ સંબંધમાં કોઈપણ વાત કરતા ખચકાટ અનુભવ કરી રહ્યા છે પરંતુ ભાજપના નેતા અને ટીવી સિરિયલ મારફતે લોકપ્રિય થયેલા સ્મૃતિ ઈરાનીએ આજે સવારે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર માટે તેમની પોતાની અંગત રીતે પ્રથમ પસંદગી છે. જો અમે તેમને મત આપી રહ્યા છીએ તો ચોક્કસપણે વડાપ્રધાન માટે તેઓ દાવેદાર છે. તેમણે કહ્યું હતું કે પક્ષની લાઈનમાં નરેન્દ્ર મોદી હવે ટોચના નેતા તરીકે ઊભરી આવ્યા છે. જો કે કોંગ્રેસના પ્રવક્તા અભિષેક મનુ શિંઘવીએ કહ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મોદીની જીતને રાષ્ટ્રીય સ્તરે સ્વીકારવા સાથે કોઈ લેવા દેવા નથી. તેમણે કહ્યું છે કે ગુજરાત ચૂંટણીમાં આ જીત મોદીને ભાજપમાં શક્તિશાળી બનાવે છે. ભાજપ માટે તેઓ મહત્વપૂર્ણ મુખ્યમંત્રી છે પરંતુ રાષ્ટ્રીય સ્વીકાર સાથે તેમને કોઈ લેવા દેવા નથી. વર્ષ ૨૦૧૪માં ભાજપ માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે તેમને તેઓ ગણે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેઓએ કોઈ વાત કરી ન હતી.

આ ટ્રેલર છે, ફિલ્મ ૨૦૧૪માં આવશે

રાજ્યભરમાં ભાજપ દ્વારા બીજી દિવાળીની ઉજવણી

શાનદાર જીત બાદ વિજય સરઘસ : ફટાકડા ફોડી ભવ્ય ઉજવણી : ચારે બાજુ કેસરીયો માહોલ : લોકો ઉત્સાહિત

અમદાવાદ,તા. ૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં જીત મેળવીને ફરી એકવાર શાનદાર હેટ્રીક નોંધાવી છે. મોદીએ તેમના વિરોધીઓમાં જોરદાર વિરોધ હોવા છતાં વન મેન આર્મી તરીકે ભાજપને જીત અપાવવામાં સફળતા મેળવી છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૦૫૦ના દિવસે થયો હતો. નરેન્દ્ર દામોદર દાસ મોદીનો જન્મ વડનગરમાં એક મધ્યમ વર્ગના પરિવાર અન્ય પછાત જાતિ (ઓબીસી)માં થયો હતો. તેઓ દામોદર દાસ મૂળચંદ મોદી અને તેમના પત્ની હીરાબેનના ઘરમાં જન્મેલા છ બાળકો પૈકી ત્રીજા નંબરના બાળક હતા. તેઓ બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય પણ હતા. શરૂઆતથી જ તેઓને રાજકારણમાં રસ હતો. મોદી પોલિટીકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. ૧૯૯૮માં ભાજપના નેતા તરીકે અડવાણી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓને ગુજરાત અને હિમાચલમાં પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૦૧માં તેઓ ગુજરાતના પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા હતા. પેટા ચૂંટણીમાં ભાજપની હાર બાદ કેશુભાઈ પટેલે રાજીનામું આપી દેતા તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે મુખ્યમંત્રી તરીકે તેમની અવધી શરૂ થઈ હતી.

ગુજરાતના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ પણ તેઓ સર્જી ચૂક્યા છે. ૨૭મી ડિસેમ્બર ૨૦૦૭ના દિવસે તેઓ બીજી વખત ચૂંટાઈ આવ્યા હતા. હવે ત્રીજી વખત તેઓ ચૂંટાઈ આવ્યા છે. મોદી ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદાસ્પદ હસ્તી તરીકે પણ રહ્યા છે.

કોંગ્રેસના ઉમેદવારોને મતદારોએ હંમેશા ફગાવ્યા

૧૯૯૫ બાદ ગુજરાતમાં ભાજપની સતત જીત થઈ

અમદાવાદ,તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે અને શાનદાર જીત મેળવી લીધી છે. મોદીએ હેટ્રીક નોંધાવી છે. ગુજરાતમાં છેલ્લી કેટલીક વિધાનસભાની ચૂંટણી પર નજર કરવામાં આવે તો રાજ્યના મતદારોએ કોંગ્રેસની તરફેણમાં મત આપ્યા નથી.

ભાજપ ગુજરાતના મતદારોની પ્રથમ પસંદગી રહી છે. આ બાબત ૧૯૯૫થી સતત સાબિત થઈ રહી છે. ૧૯૯૫માં ભાજપે ૧૮૨ બેઠક પૈકી ૧૨૧ બેઠકો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસને માત્ર ૪૫ બેઠકો મળી હતી.

આવી જ રીતે ૧૯૯૮માં પણ ભાજપને ૧૧૭ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસને માત્ર ૫૩ બેઠકો મળી હતી. વર્ષ ૨૦૦૨ની ચૂંટણીની વાત કરવામાં આવે તો ભાજપને ૧૨૭ અને કોંગ્રેસને ૫૧ બેઠકો મળી હતી. જે સાબિત કરે છે કે કોંગ્રેસની બેઠકોમાં ઉલ્લેખનીય વધારો થયો નથી. વર્ષ ૨૦૦૭માં પણ ભાજપને ૧૮૨ પૈકી ૧૧૭ બેઠકો મળી હતી અને કોંગ્રેસને ૫૯ બેઠકો મળી હતી. હવે વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસને ૬૧ અને ભાજપને બહુમતિ કરતા વધુ બેઠક મળી છે. જે સાબિત કરે છે કે ગુજરાતના મતદારો કોંગ્રસને પસંદ કરતા નથી.

ચૂંટણી ચિત્રો : ૧૯૮૫થી...

વર્ષ	ચૂંટણી	કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	અન્ય
૧૯૮૫	વિધાનસભા	૧૮૨	૧૧	૧૪૯	૨૨
૧૯૯૦	વિધાનસભા	૧૮૨	૬૭	૨૨	૯૩
૧૯૯૫	વિધાનસભા	૧૮૨	૧૨૧	૪૫	૧૬
૧૯૯૮	વિધાનસભા	૧૮૨	૧૧૭	૫૩	૧૨
૨૦૦૨	વિધાનસભા	૧૮૨	૧૨૭	૫૧	૪
૨૦૦૭	વિધાનસભા	૧૮૨	૧૧૭	૫૯	૬
૨૦૧૨	વિધાનસભા	૧૮૨	૧૧૫	૬૧	૬

જીતનાર કઈ રીતે જીતી ગયો એ વાતની બહુ અગત્ય નથી, એ 'જીતી ગયો' એ જ મહત્ત્વની બાબત છે

જો જીતા વો હી સિકંદર

ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

મોદી માટે 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ' જેવી સાનુકૂળ સ્થિતિ સામે ચાલીને સરજાતી રહી છે; અણીના સમયે દૈવી મદદ મળી રહેલી હોય એમ મોદીને ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ - આ ત્રણેય ચૂંટણીઓ દરમિયાન પ્રજાને પોતાની તરફ વાળવા માટેના મુદ્દા અણચિંતવ્યા જ મળતા રહ્યા છે

૨૦૧૨ની ચૂંટણીમાં કોણ કોના બાર વગાડી દેશે, એના હાકલા પડકારા છેલ્લા ઘણા સમયથી સંભળાયા કરતા હતા પરંતુ છેવટે મતપેટીઓએ મોઢું ખોલ્યું ત્યારે ઘણા બધાની બોબડી બંધ થઈ ગઈ છે. પરિણામ લગભગ ૨૦૦૭ની પાંચ વર્ષ અગાઉની પૅટર્ન પર જ આવ્યું છે. નરેન્દ્ર મોદી ફરી એક વાર બાજી મારી ગયા છે અને એમને હંફાવનારા લાખ પ્રયાસો પછી પણ એ અણનમ રહ્યા છે. નરેન્દ્ર મોદી એમની ભવ્ય હૅટ્રિક પછી સીધા જ વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલના આશીર્વાદ લેવા ગયા તે ઘણું સૂચક છે. આવતી કાલે કેશુભાઈ એમના મૂળ ઘરે પાછા ફરે તો નવાઈ ન લાગવી જોઈએ. આવા અજેય ખેલાડી સાથે વિચારભેદ હોઈ શકે પરંતુ એની વિજય ક્ષમતા બદલ એના વિરોધીઓએ પણ એને અભિનંદન આપવા જ રહ્યાં. લોકશાહીમાં ચૂંટણી એ જ યુધ્ધનું મેદાન છે. વળી પેલી અંગ્રેજી કહેવત છે એમ પ્રેમ અને યુધ્ધમાં બધું જ 'જાયઝ' - ઍવરી થિંગ ઈઝ ફૅર - ગણાયું હોય તો જીતનાર કઈ રીતે જીતી ગયો એ વાનું બહુ અગત્યનું નથી. એ 'જીતી ગયો' એ જ મહત્ત્વની બાબત છે. જો જીતા વોહી સિકંદર. મહાભારતના યુધ્ધમાં પાંડવોને જિતાડવા સારૂં ખુદ ભગવાન કૃષ્ણે જોડે રહીને કૂડકપટ કરાવ્યા હતા. રાજનીતિ એ કૂટનીતિ છે અને સીદા સાદા લોકોનું એમાં કામ નથી. નરેન્દ્ર મોદી રાજનીતિ અને કૂટનીતિના સોળે સોપારા ભણેલા છે. સંગઠનના એ નિષ્ણાત ગણાય છે. કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળ લડાયેલી ૧૯૯૫ની ચૂંટણીમાં પણ એ જ એમનાં પડદા પાછળના સૂત્રધાર હતા. રાજકારણમાં તો 'જે પાળતું તે મારતું' વાળો ખેલ જ ચાલતો રહે છે. કેશુભાઈ પટેલને સત્તાસ્થાનેથી હટાવડાવી નરેન્દ્ર મોદીએ ૨૦૦૧ના ઑક્ટોબરની 'રાજકારણી' તરીકે 'જાગતા' રહ્યાં છે. પ્રજાને શું ગમે છે, એની પરખ જેટલી નરેન્દ્ર મોદીમાં છે એટલી કદાચ દેશના બીજા કોઈ નેતામાં હશે કે કેમ તે કળવું મુશ્કેલ છે. પોતાની આગવી કુનેહ, સતત અધ્યયન અને નવા નવા કાર્યક્રમો દ્વારા એમણે ગુજરાતી મધ્યમવર્ગ પર એક દીર્ઘજીવી પ્રભાવ પાથર્યો છે. એ વાણીનાં જાદુગર છે. વળી સમય પારખી કયારે કયો મુદ્દો ઉછાળ્યો એની એ ચોક્કસ અને પરિણામલક્ષી ગણતરી કરી જાણે છે. વિકાસ એ જ આ વખતની ચૂંટણી માટેનું ધ્રુવ - સૂત્ર હતું. મોદીએ એમના સમયગાળામાં થયેલાં કામોની લાંબી અને આકર્ષક યાદી પ્રજા સમક્ષ આકર્ષક પૅકેટમાં રજૂ કરી. કોંગ્રેસ અને કેશુબાપાએ એમાં બધું પોલંપોલ અને લોલેલોલ હોવાના હોબાળા કરવામાં કંઈ જ બાકી ન રાખ્યું, પરંતુ મોદી અને મોદીના પઢાવેલ પોપટ જેવા ભાજપના મોવડી મંડળે તથા પરેશ રાવલ અને નવજોત સિધ્ધુ જેવા નટ મંડળે નરેન્દ્ર મોદીને મહાનાયક તરીકે રજૂ કરીને ગુજરાતી મહિલાઓ અને યુવાવર્ગના માનસમાં એમના વિશે બીજાંકુર સ્વરૂપે પડેલી ઉચ્ચાભિલાષા બરાબર સંકોરવાનું કામ કર્યું. મોદી જાણે ગુજરાતની વિધાનસભા માટે નહીં પરંતુ વરસદહાડા પછી આવનારી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી લડી રહ્યા હોય, એવો માહોલ ઊભો કરાયો. શરૂ-શરૂમાં કોંગ્રેસનાં જૂથો વચ્ચે સ્થપાયેલી કહેવાતી સુલેહ અને એકતા ટિકિટો જાહેર થતાંવેંત તકલાદી હતી એવું જાહેર થઈ ગયું. અમદાવાદમાં હજારો કાર્યકરો સાથે નરહરિ અમીને પક્ષ સામે ખુલ્લો બળવો પોકાર્યો અને નરેન્દ્ર મોદી એમને ભાજપમાં આવકારવા પ્રદેશ કાર્યાલય પર સદેહે હાજર રહ્યા. કોંગ્રેસના નૈતિક બળને આવી ઘટનાથી દેખીતી રીતે જ ફટકો પડ્યો. અત્યારે જે પરિણામો આવ્યાં છે એ જોતાં નરહરિ અમીનને કોંગ્રેસની ટિકિટ મળી હોત તો પણ એ અન્ય કોંગ્રેસી આગેવાનોની પરાજિત પંગતમાં જ બેઠેલા હોત. પરંતુ એમના પક્ષપલટાથી નરેન્દ્ર મોદી માટે અમદાવાદ શહેરની મહત્ત્વની બેઠકો - જયાંથી અમિત શાહ અને આનંદીબેન પટેલ જેવા અંગત ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતા ત્યાં ભાજપની જીત એકદમ આસાન બની ગઈ. વળી નરહરિ અમીન યુનિવર્સિટીના રાજકારણમાં સક્રિય રહેતા હોઈ એમની સાથે યુવા વર્ગ પણ સંકળાયેલો હતો. નરેન્દ્ર મોદીએ વિવેકાનંદ યાત્રા નિમિત્તે ગુજરાતની યુવાશક્તિને ઢંઢોળી હતી તો બીજીતરફ રાહત દરના ગૅસ સિલીન્ડરની સંખ્યામાં કાપ મુકાતાં મોંઘવારીના અને ભ્રષ્ટાચારના મુદ્દે મહિલાઓ કોંગ્રેસથી નારાજ હતી જ. કોંગ્રેસના પ્રદેશ કક્ષાના નેતાઓને એફડીઆઈ અને એવા અન્ય મુદ્દાઓ પરત્વે કેન્દ્રની નીતિઓનું સમર્થન કરવું પડ્યું. એમને અકારણ ૨-જી કૌભાંડનો માર સહન કરવો પડ્યો; કોલસાની દલાલી નહોતી કરી છતાં ગુજરાતના કોંગ્રસીઓના હાથ કાળા થયા ! આવા અનેક કેન્દ્રીય મુદ્દાઓ મોદી માટે મહત્ત્વનાં હથિયાર બની રહ્યા. છેલ્લે છેલ્લે એમણે રહેમાન મલિકનાં બેફામ નિવેદનોનો પણ ઉપયોગ કરી લીધો. સિરક્રિકની વિવાદસ્પદ બાબત વિશે ગુજરાતી પ્રજાને ઉશ્કેરવામાં પણ એમને ધારી સફળતા સાંપડી.

મોદી માટે 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ' જેવી સાનુકૂળ સ્થિતિ સામે ચાલીને સરજાતી રહી છે. અણીના સમયે દૈવી મદદ મળી રહેલી હોય એમ મોદીને ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ - આ ત્રણેય ચૂંટણીઓ દરમિયાન પ્રજાને પોતાની તરફ વાળવા માટેના મુદ્દા અણચિંતવ્યા જ મળતા રહ્યા છે, તે શું સૂચક નથી ? ગોધરાકાંડ ઓચિંતી બનેલી દુર્ઘટના હતી જેણે મોદીને 'હિંદુ હૃદય સમ્રાટ' બનાવી દઈ શાંતિપ્રિય ગુજરાતી મધ્યમ વર્ગના તારણહાર પદે સ્થાપી દીધા હતા.

૨૦૦૭ની ચૂંટણીમાં એમને સોહરાબુદ્દીનનો સંગાથ સાંપડ્યો. કોંગ્રેસ અધ્યક્ષાએ એમને 'મોતના સોદાગર' કહીને ગુજરાતના સ્વમાન પર ઘા કર્યો હોય એવો માહોલ સર્જવામાં મોદીને સફળતા સાંપડી હતી. આ વખતે ઘણા પ્રતિકૂળ સંજોગો વચ્ચેથી પોતાનો વિજયરથ હેમખેમ આગળ ધપાવીને મોદીએ એમના ટીકાકારોની બોલતી બંધ કરી દીધી છે. કોંગ્રેસ સામે બેફામ આક્ષેપો કરતા નરેન્દ્ર મોદીએ કેશુબાપા સામે હરફ સરખો નહીં ઉચ્ચારવાની વ્યૂહરચના કરી અને એ વ્યૂહરચના એમને બરાબર ફળી પણ ખરી.

હેટ્રિક લગાવવાની સાથે માધવસિંહ સોલંકીની ૧૪૯ બેઠકો જીતવાનો વિક્રમ તોડી ૧૫૧ બેઠકો લાવવાનો લક્ષ્યાંક ભલે ચૂકી ગયા હોય, પરંતુ આવા પ્રતિકૂળ સંજોગોમાં નરેન્દ્ર મોદી એમની યથાસ્થિતિ ટકાવી શક્યા છે તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી.

સામે પક્ષે કોંગ્રેસના કહેવાતા દિગ્ગજો -શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, કુંવરજી બાવળિયા ઉપરાંત ખુદ એમના પક્ષના પ્રદેશ પ્રમુખ આર સી ફળદુ હારી ગયા છે. મોદી સામે રાજીવ ભટ્ટનાં ધર્મપત્ની શ્વેતા ભટ્ટને ભિડાવવાની સંવેદનાત્મક ચાલ કે એલિસબ્રિજ બેઠક પર હરેન પંડ્યાનાં વિધવા જાગૃતિ પંડ્યાને મૂકી ભૂતકાળનો ઓથાર ઊભો કરવાના કારસા નિષ્ફળ ગયા છે. મોદી મહદંશે 'વિકાસ'ના મુદ્દે અને 'ભવિષ્યના વડાપ્રધાન' જેવી ફૅન્ટસી પર ગુજરાતની બહુમતી પ્રજાને ભાજપ સરસી જાળવી શક્યા. એમની તરફેણમાં વિક્રમજનક મતદાન પણ થયું. સદ્ભાવનાવાળો મુદ્દો અંકે કરવાની એમની મુરાદ બર નહીં આવે એવું પાકું ગણિત માંડ્યા પછી જ એમણે ૧૮૨ પૈકી એક પણ બેઠક પર મુસ્લિમ ઉમેદવારને ઊભો કરવાનું જોખમ નથી ખેડ્યું.

મોદીના મંત્રીમંડળના કેટલાક સિનિયર સાથીઓ- સવિશેષ જયનારાયણ વ્યાસ અને ફકીરભાઈ વાઘેલા જેવાઓનો પરાજય એ પક્ષ માટે મોટો ફટકો ગણાશે.

તો બીજી તરફ ગુનાહિત માનસ ધરાવતા એનસીપીના કાંધલ જાડેજા અને વિવાદાસ્પદ પુરુષોત્તમ સોલંકી કે કાંતિ અમૃતિયા જેવા ધારાસભ્યોવાળું ગૃહ વિશેષપણે પરિવર્તનના પ્રતીક સમા કેશુભાઈ પટેલ, કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલા, વિઠ્ઠલ રાદડિયા જેવા વરિષ્ઠોના વિરોધ વચ્ચે કેવું ચાલશે, તે જોવું રસપ્રદ બની રહેશે.

શરૂ-શરૂમાં કોંગ્રેસનાં જૂથો વચ્ચે સ્થપાયેલી કહેવાતી સુલેહ અને એકતા ટિકિટો જાહેર થતાંવેંત તકલાદી હતી એવું જાહેર થઈ ગયું; અમદાવાદમાં હજારો કાર્યકરો સાથે નરહરિ અમીને પક્ષ સામે ખુલ્લો બળવો પોકાર્યો અને નરેન્દ્ર મોદી એમને ભાજપમાં આવકારવા પ્રદેશ કાર્યાલય પર સદેહે હાજર રહ્યા, કોંગ્રેસના નૈતિક બળને આવી ઘટનાથી દેખીતી રીતે જ ફટકો પડ્યો